# ધી પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેંક લિ.,મુખ્ય ઓફીસ,ગોધરા.

## ચેક કલેકશન પોલીસી

નાબાર્ડ ધ્વારા સુચવ્યા મુજબ તૈયાર કરેલ ચેક કલેકશન પોલીસીને વંચાણે લઈ રીવ્યુ કરતા RBI તથા નાબાર્ડની ગાઈડલાઈન્સ મુજબ સદરપોલીસીમાં સને ૨૦૨૫–૨૬ માટે જરૂરી ફેરફાર કરી રિવાઈઝ કરેલ નવી પોલીસી અમલ કરવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવે છે.

## બેંકની ચેક કલેકશન પોલીસી

બેંકની ચેક કલેકશનની પોલીસીને પારદર્શિતા સાથે એક વ્યાપક દસ્તાવેજ તરીકે બનાવવામાં આવી છે. જેમાં નીચેના પાસાઓ આવરી લેવામાં આવેલ છે. જેમાં બેંકની ટેકનીકલ ક્ષમતાઓ, સીસ્ટમો અને પ્રકિયાઓ, કલીયરીંગ વ્યવસ્થા અને વિવિધ પધ્ધતિઓ ધ્વારા વસુલાત માટેની અન્ય આંતરિક વ્યવસ્થાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. આ પોલીસીથી નાના થાપણદારને હિતોનુ રક્ષણ થાય તેની કાળજી લે છે. આ પોલીસીમાં બેંકની ચેક કલેકશન પોલીસી અમારા ગ્રાહકોને બેહતર સેવા પ્રદાન કરવા અને કામગીરી માટે ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવાના અમારા પ્રયાસોનુ પ્રતિબિંબ છે. આ નીતી ગ્રાહકો સાથેની સેવામાં પારદર્શિતા અને ન્યાયપણાના સિધ્ધાંતો પર આધારિત છે. બેંક તેના ગ્રાહકોને ઝડપી કલેકશન સેવાઓ પ્રદાન કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ વધારવા માટે પ્રતિબધ્ધ છે.

૧. સીટીએસ કલીયરીગ દવારા (૧)ગુજરાત (૨)મહારાષ્ટ્ર (૩)ગોવા (૪)મધ્યપ્રદેશ (૫) છત્તીસગઢ આ ૫(પાંચ) રાજયના ચેકો સીટીએસ કલીયરીંગ ધ્વારા કલેકશન કરી શકાશે.

૨. બેંકની તમામ શાખાઓમાં ગ્રાહક દવારા રજુ થતા ચેકોનુ સીટીએસ કલીયરીગ ધ્વારા ઝડપી કલેકશન થાય તે માટે બેંકે જરૂરી શાખાઓમાં સીટીએસ કલીયરીંગની વ્યવસ્થા કરવાની રહેશે તથા સીટીએસ કલીયરીગ ને લગતી કામગીરી માટે તમામ સુવિધાઓ શાખામાં પુરી પાડવાની રહેશે.

૩. સ્થાનિક રીતે ચુકવવાપાત્ર તમામ ચેક અને અન્ય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કેન્દમાં પ્રવર્તતી કલીયરીગ સીસ્ટમ ધ્વારા રજુ કરવામાં આવશે અને નિર્ધારીત સમય પહેલા શાખાના કાઉન્ટર પર અને શાખા પરિષદમાં કલેકશન બોકસમાં જમા કરાયેલ ચેક તે જ દિવસે કલીયરીગ માટે રજુ કરવામાં આવશે. જયા બેંક સેટલમેન્ટની તારીખે ગ્રાહકોના ખાતામાં જયા કોઈ કલીયરીગ હાઉસ અસ્તિત્વમાં નથી તેવા કેન્દ્ર પર બેંકની શાખાઓ કાઉન્ટર પર ડ્રોઈ બેંક પર સ્થાનિક ચેક રજુ કરશે અને વહેલામાં વહેલી તકે ચેક કલેકશન કરી રકમ જમા કરશે.

૪. બહારના કેન્દ્રો પર અન્ય બેંકો પર લખેલા ચેક સામાન્ય રીતે તે કેન્દ્ર પર બેંકની શાખાઓ પર એકત્રિત કરવામાં આવશે. જે બેંકની પોતાની કોઈ શાખા નથી ત્યાં ચેક સીધા જ ડ્રોઈ બેંકને કલેકશન માટે મોકલવામાં આવશે અથવા કોરસપોન્ડસ બેંક ધ્વારા એકત્રીત કરવામાં આવશે.

૫. CTS કન્ટીન્યુઅસ કલીયરીંગ (Continuous Clearing):-

| | |
|---|---|
| RBI Circular CO.DPSS.RLPD. No.S536/04-07-001/2025-2026 Dated August 13, 2025 | **ફેઝ–૧**<br>– તા.૦૪/૧૦/૨૦૨૫ થી તા.૦૩/૦૧/૨૦૨૬ સુધી અમલ,<br>– આઉટવર્ડ કલીયરીગ સવારે ૧૦:૦૦ થી બપોર ૪:૦૦ વાગ્યા સુધી આપવાનો રહેશ, તથા<br>– ઈનવર્ડ કલીયરીગ રીસ્પોન્સ સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી આપવાનો રહેશ.<br>**ફેઝ–૨**<br>– તા.૦૩/૦૧/૨૦૨૬ થી અમલ,<br>– ઈનવર્ડમાં આવેલ ચેકનો રીસ્પોન્સ (T+3) ૩ કલાકમાં આપવાનો રહેશે. અન્યથા ૩ કલાક પછી ઈનવર્ડમાં આવેલ ચેક ડીમએપ્રુવ થઈ જશે. |

| | |
|---|---|
| RBI Circular CO.DPSS.RLPD. No.S1039/04-07-001/2025-2026 dated December 24, 2025 | **ફેઝ–૨**<br>– તા.૦૩/૦૧/૨૦૨૬ થી અમલ જે હાલ મોકુફ રાખવામાં આવેલ છે.<br>**ફેઝ–૧** નીચે મુજબ ચાલુ રાખવામાં આવેલ છે.<br>– તા.૦૩/૦૧/૨૦૨૬ થી અમલ, જેમાં ઈનવર્ડ / આઉટવર્ડનાં સમયમાં ફેરફાર કરેલ છે.<br>– આઉટવર્ડ કલીયરીંગ સવારે ૦૯:૦૦ થી બપોર ૩:૦૦ વાગ્યા સુધી આપવાનો રહેશ, તથા<br>– ઈનવર્ડ કલીયરીંગ રીસ્પોન્સ સવારે ૦૯:૦૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી આપવાનો રહેશ. |

ઉપરોકત ફેઝ –૧ અને ફેઝ –૨ નો બેંક અમલ કરવાનો રહેશે. તદ્દઉપરાંત RBI તરફથી ભવિષ્યમાં વખતો–વખત આપવામાં આવનાર ગાઈડલાઈન્સ મુજબ બેંકે CTS કન્ટીન્યુઅસ કલીયરીંગની કામગીરી કરવાની રહશે.

૬. સી ટી એસ ૨૦૧૦ સ્ટાર્ન્ડ આરબીઆઈ ધ્વારા કલેકટીંગ બેંકમાં હાંસલ કરવા માટે નિર્ધારીત બેંચ માર્કનો સમુહ છે અને માત્ર ચેકની ઈમેજ ડ્રોઈ બેંક ઈમેજનો ઉપયોગ કરીને આ ઈન્સ્ટ્રુમેન્ટ પર પ્રકિયા કરે છે. સી.ટી.એસ કલીયરીંગમાં RBI ધ્વારા ચોકકસ ઈમેજ સ્પષ્ટીકરણોને ફરજીયાત છે. સ્પષ્ટીકરણોને ચેકની જે ઈમેજ સ્પષ્ટીકરણને પુરી કરતી નથી તેવી ઈમેજો સી.ટી.એસ. કલીયરીંગમાં નકારી કાઢવામાં આવે છે. સી.ટી.એસ. કલીયરીંગમાં ફીઝીકલ ચેક અન્ય કોઈ ડ્રોઈ બેંક પર મોકલવાના રહેતા નથી. સી.ટી.એસ. માં ડ્રો કરનાર બેંક ધ્વારા ઈમેજને આધારે ચુકવણી કરવામાં આવે છે. તેને સી.ટી.એસ. ૨૦૧૦ સ્ટાર્ન્ડડ ઓર્ડર તરીકે ઓળખવામાં આવે છે. ડ્રોઈ બેંક પર પ્રકિયા કરવા માટે પ્રસારીત થતી ઈમેજની ગુણવત્તા સુનિશ્ચીત કરવામાં આવે છે.

૭. ગ્રાહક ધ્વારા રજુ થતા ચેકોમાં ચેકની તારીખમાં, ચુકવણી કરનાર નામમાં, રકમ આંકડામાં અથવા રકમ શબ્દોમાં વગેરેમાં કોઈપણ ફેરફારો માટે ગ્રાહકો ધ્વારા નવા ચેક અથવા ફોર્મનો ઉપયોગ કરવો જોઈએ જેનાથી બેંકને કપટપુર્ણ ફેરફારોને ઓળખવામાં અને તેને નિયત્રિત કરવામાં મદદ મળશે.

૮. પોઝિટિવ પે સિસ્ટમ (PPS):–
RBI Circular Dated 25/09/2020 No.RBI/2020-21/41
DPSS.CO.RPPD.No.309/ 04.07. 005/2020-2021

Implementation of Positive Pay System from 01 January 2021

| | |
|---|---|
| Minimum amount | Rs. 50,000/- |
| Up to | Rs. 5,00,000/- and above |
| At the discretion of banks | Banks may consider marking it mandatory in case of cheques for amount of Rs.5,00,000/- and above. |

૯. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં Master Direction No.RBI/2015-16/59 DBR No.Leg.BC.21/09.07.006/ 2015-16, July 1, 2015 થી Dishonour of Cheques ને લગતી કામગીરી કરવાની રહેશે.

**A. Returning dishonoured cheques**

- Returning the instrument at the last known address of the customer within 24 hours after levy of cheque return charges.

**B. Dealing with frequent dishonour of cheques of Rs. 1 crore and Above**

- Non issuance of fresh cheque book in case of return for fourth time for want of funds.
- Closure of Account may be considered in such cases.

- Cash credit account or Overdraft Account to be reviewed as per discretion of higher authority than the sanctioning officer.
- Branch to issue letter of caution during issue of cheque book for such accounts.
- A cautionary advice to be given by branches if such cheque is returned for the third time.

**C. Dealing with frequent dishonour of cheques of value of less than Rs.1 crore**

- Non issuance of fresh cheque book in case of return for fifth time for want of funds.
- Closure of Account may be considered in such cases.
- Cash credit account or Overdraft Account to be reviewed as per discretion of higher authority than the sanctioning officer.
- Branch to issue letter of caution during issue of cheque book for such accounts.
- A cautionary advice to be given by branches if such cheque is returned for the fourth time.

**D. Proceedings in case of dishonoured cheques**

- In case of complaint against dishonor bank shall extend full co-operation to respective authoritites and present the data quarterly to the top management.

**E. Dealing with frequent dishonour of ECS**

- Request the customers to maintain sufficient balance
- In case of want of sufficient funds, on third occasion the presenting bank may delete ECS instructions from the list and may proceed for closure of the account.
- In CC/OD accounts the continuation of the ECS facility may be cancelled at the discretion of higher authorities than the sanctioning officer.
- Letter advising the constituents about the new condition before acceptance of the ECS may be given.

૧૦. સ્થાનિક / બહારના ચેકના કલેકશન માટે નીચેના સમયના ધોરણો લાગુ કરવામાં આવશે.

| | |
|---|---|
| મેટ્રો સિટીઝ પર દોરવામાં  આવેલ ચેક | મહતમ ૭ દિવસનો ગાળો |
| રાજયની રાજધાની અને મુખ્ય(વિસ્તાર)શહેરો પર દોરેલા ચેક | ૧૦ દિવસની મહતમ અવધિ. |
| અન્ય તમામ કેન્દ્રોમાં | ૧૪દિવસની મહતમ અવધિ. |

૧૧. બેંકની વળતર નીતીના ભાગરૂપે, બેંકે તેના ગ્રાહકને ઈન્સ્ટ્રુમેન્ટની રકમ પર વ્યાજ ચુકવશે જો ઉપર દર્શાવેલ સમયગાળા પછી ક્રેડીટ આપવામાં વિલંબ થાય છે. આ પ્રકારનુ વ્યાજ તમામ પ્રકારના ખાતાઓમાં ગ્રાહકોની કોઈપણ માંગ વગર ચુકવવામાં આવશે. વિલબિત વસુલાત પર વ્યાજની ચુકવણીના હેતુ માટે બેંકની પોતાની શાખાઓ અથવા અન્ય બેંકો પર લખવામાં આવેલા ચેક વચ્ચે કોઈ ભેદ રહેશે નહિ .

વિલબિત વસુલાત માટેનુ વ્યાજ નીચેના દરે ચુકવવમાં આવશે :–

(A) બહારના ચેકના કલેકશનમાં 7, 10 કે 14 દિવસ સુધી ના વિલંબના સમયગાળા માટે બચત ખાતાનો વ્યાજનો દર આપવાનો રહેશે.

(B) જયા વિલંબ ૧૪ દિવસથી વધુ હોય તો સંબધિત સમયગાળા માટે ટર્મ ડીપોઝીટ માટે લાગુ પડતા દરે વ્યાજ ચુકવવામાં આાવશે.

(C) અસાધારણ વિલંબના કિસ્સામાં, એટલે કે ૯૦ દિવસથી વધુના વિલંબ પર સંબધિત ટર્મ ડીપોઝીટ દર કરતા ૨% વધુના દરે વ્યાજ ચુકવવામાં આવશે.

(D) જો કલેકશન હેઠળના ચેકની રકમ ગ્રાહકોના ઓવરડ્રાફટ / લોન ખાતામાં જમા થવાની હોય, તો લોન ખાતાને લાગુ પડતા દરે વ્યાજ ચુકવવામાં આવશે.

નોંધનીય છે કે, ઉપર આપેલ વ્યાજની ચુકવણી માત્ર ભારતમાં કલેકશન માટે મોકલવામાં આવેલા ચેક માટે જ લાગુ પડશે.

૧૨. ટ્રાન્ઝિટમાં / કલીયરીંગ પ્રક્રિયામાં અથવા પેંઈગ બેંકની શાખામાં ચેક ખોવાઈ ગયા હોય.

વસુલાત માટે સ્વીકારવામાં આવેલ ચેક અથવા સાધન ટ્રાન્ઝીટ દરમ્યાન અથવા કલીયરીંગ પ્રકિયામાં અથવા ચુકવણી કરતી બેંકની શાખામાં ખોવાઈ જાય તો, બેંકને નુકશાનની જાણ થતાં તરત જ તે ખાતા ધારકના ધ્યાન પર લાવવુ જોઈએ. જેથી કરીને એકાઉન્ટ હોલ્ડર ડ્રોઅરને સ્ટોપ પેમેન્ટ રેકોર્ડ કરવા માટે જાણ કરી શકે છે અને એ પણ ધ્યાન રાખી શકે છે કે તેના ધ્વારા જારી કરાયેલા ચેકસ, જો કોઈ હોય તો ખોવાયેલા ચેક/ઈન્સ્ટ્રુમેન્ટની રકમની જ ક્રેડીટ થવાને કારણે તેનુ અપમાન ન થાય. બેંક ગ્રાહકને ચેકના ડ્રોઅરમાંથી ડુપ્લીકેટ ઈન્સટ્રુમેન્ટ મેળવવા માટે તમામ સહાય પુરી પાડશે.

બેંકની વળતરનીતીને અનુરૂપ બેંક નીચેની રીતે ટ્રાન્ઝીટમાં ખોવાયેલા સાધનોના સંદર્ભમાં ખાતાધારકને વળતર આપશે.

(A) જો ગ્રાહકને વસુલાત માટે નિર્ધારીત સમય મર્યાદા(7/10/14 દિવસ જેવો કિસ્સો હોઈ શકે)કરતા વધુ ઈન્સ્ટ્રુમેન્ટની ખોટ અંગેની માહિતી ગ્રાહકને આપવામાં આવે તો ઉપર દર્શાવેલ દરો પર નિર્ધારીત કલેકશન સમયગાળા માટે વિલંબના સમયગાળા માટે વ્યાજ ચુકવવામાં આવશે.

(B) આ ઉપરાંત ડુપ્લીકેટ / ઈન્સ્ટ્રુમેન્ટ મેળવવા અને તેના સંગ્રહમાં વધુ વિલંબની શકયતા પુરી પાડવા માટે બેંક બચત બેંકના દરે વધુ ૧૫ દિવસના સમયગાળા માટે ચેકની રકમ પર વ્યાજ ચુકવશે.

(C) રસીદના ઉત્પાદન પર ડુપ્લીકેટ ચેક/ઈન્સ્ટ્રુમેન્ટ મેળવવા માટે ગ્રાહકને જે વાજબી ચાર્જ લાગતો હોય તેના માટે પણ વળતર આપશે, કિસ્સામાં ઈન્સ્ટ્રુમેન્ટ બેંક / સંસ્થા પાસેથી મેળવવાનુ હોય જે ડુપ્લીકેટ ઈન્સ્ટ્રુમેન્ટ ઈશ્યુ કરવા માટે ફી વસુલશે.

બેંક તેની સંપુર્ણ વિવેકબુધ્ધીથી પોલીસીમાં સુધારો સંશોધિત કરવાનો અધિકાર અનામત રાખે છે અને બેંક ધ્વારા સમયાંતરે પોલીસીની સમીક્ષા કરવામાં આવશે.